# BUSINESS મિત્ર

### રિલાયન્સની આગેવાની હેઠળ હેવીવેઇટ શેરોમાં ભારે લેવાલી રહી, નિફ્ટીએ 24300ની સપાટી કુદાવી

# ભારત-પાક તણાવ વચ્ચે સેન્સેક્સ 1000 પોઇન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 28:** ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ હોવા છતાં ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ગુડ મન્ડે જોવા મળ્યો હતો. એક તબક્કે, ગમે તે ઘડીએ પાકિસ્તાન પ્રેરિત પેહલગામ આતંકી હુમલાનો ભારત જવાબ આપશે, અને કાર્યવાહી હાથ ધરશે, પરંતુ હજુય સુધી ભારત દ્વારા કોઈ કાર્યવાહી થઈ નથી અને ભારત જડબાતોડ જવાબ આપવાના મૂડમાં છે, તેની તૈયારી કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે, પણ વીકએન્ડમાં કોઈ કાર્યવાહી નહીં થતા અને હજુય સુધી કોઈ અહેવાલ નહીં આવતા હોવાથી રોકાણકારોમાં લેવાલીનો માહોલ જોવા મળ્યો હતો.

હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડ.ના પરિણામ જાહેર થયા હતા, જે અપેક્ષા મુજબના હોવાથી આજે રિલાયન્સે આગેવાની લીધી હતી અને પાંચ ટકા જેટલો ઉછળ્યો હતો, જેની આગેવાની હેઠળ તમામ હેવીવેઈટ શેરોમાં ઉછાળો જોવાયો હતો. જ્યારે બ્રોડર માર્કેટમાં સુધારો રહ્યો હતો. આમ, આજે ઈન્ડેક્સ બેઝ્ડ શેરોમાં ઝડપી ઉછાળો રહેતા સેન્સેક્સ 1000થી વધુ પોઈન્ટ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ 24300 પોઈન્ટની સપાટી કુદાવી હતી. રિલાયન્સની પાછળ ઓઈલ એન્ડ એનર્જી શેરોમાં જોરદાર ખરીદી રહી હતી.

### શેરબજારની પાછળ રૂપિયામાં ઝડપી ઉછાળો

અમદાવાદ, તા. 28: ભારતીય શેરબજારમાં ઝડપી ઉછાળો આવતા આજે કરન્સી બજારમાં પણ રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી અને ઇન્ટ્રાડેમાં 85ની નીચે સરકીને મજબૂત થયો હતો. જોકે, છેલ્લે ડોલરની સામે રૂપિયો 42 પૈસા મજબૂતાઇ સાથે 85.03ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 85.45ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 96.62, પાઉન્ડ 113.37, કેનેડિયન ડોલર 61.17, ઓસ્ટ્રેલિયન ડોલર 54.41, જાપાનીઝ યેન 0.5925 અને સીંગાપોર ડોલર 64.90ના ભાવે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 85.03 રૂ. |
| પાઉન્ડ | 113.37 રૂ. |
| યુરો | 96.62 રૂ. |
| યેન | 0.5928 રૂ. |

આરબીઆઈના ડેટા અનુસાર સોના ભંડાર અને વિદેશી મુદ્રા સંપત્તિમાં વધારાને પગલે ભારતનો વિદેશી હુંડીયામણ ભંડાર 8 અબજ ડોલર વધીને 686 અબજ ડોલરની છ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. બીએસઈ સેન્સેક્સ 1005.84 પોઈન્ટ એટલે કે 1.27 ટકા ઉછળીને 80000 પોઈન્ટની સપાટી કુદાવીને 80218.37 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સ્કસ 80321 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 79341 પોઈન્ટના સ્તર સુધી ઘટ્યો હતો. નિફ્ટી 289.15 પોઈન્ટ એટલે ક 1.2 ટકા વધીને 24300 પોઈન્ટની સપાટી કુદાવીને 24328.50 પોઈન્ટના સત્રે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24355 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24054 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 768.75 પોઈન્ટ એટલે કે 1.41 ટકા વધીને 55432.80 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે હુન્ડાઈ મોટરમાં 9.44 ગણા, શ્રીરામ ફાઈમાં 5.21 ગણા, તેજસ નેટવર્કમાં 4.96 ગણા, ગાર્ડન રીચ શીપબિલ્ડર્સમાં 3.77 ગણા, ડો. લાલ પેથલેબમાં 3.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે રામકૃષ્ણ ફોર્જીંગ્સમાં 7.7 ગણા, શ્રીરામ ફાઈ.માં 4.48 ગણા, તેજસ નેટવર્કમાં 4.43 ગણા, ગાર્ડન રીચ શિપબિલ્ડર્સમાં 3.7 ગણા ચાલેટ હોટલ્સમાં 3.44 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો ચાલુ રહેવા પામ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.34 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.39 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઈ ખાતે 1961 શેરો વધ્યા હતા, જ્યારે 2034 શેરો ઘટયા હતા અને 184 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ 3.18 ટકા વધ્યો હતો. જેમાં રિલાયન્સ, બીપીસીએલ, મહાનગર ગેસ, ઈન્દ્રપ્રસ્થ ગેસ, એચપીસીએલ, કેસ્ટ્રોલ ઈન્ડિયા, અદાણી ટોટલ ગેસ, ઓએનજીસી, ઓઈલ ઈન્ડિયા અને ગેઈલ ઈન્ડિયા વધ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપ અ યુએસ બનેમાં મોટી કમાણીઅને ડેટા રિલીઝ માટે કમર કસી રહ્યા હોવાથી રોકાણકારોની લેવાલી રહી હતી અને તેના લીધે યુરોપિયન બજારો સુધર્યા હતા. જ્યારે ચીનના નાણાપ્રધાને વચન આપ્યું હતું કે બેઈજિંગ તેના સંપુર્ણ વર્ષના વિકાસ લક્ષ્યોને પહોંચી વળવા માટે વધુ સક્રિય મેક્રો ઈકોનોમિક નીતિઓ લાવશે, જે અર્થતંત્રના પુન:પ્રાપ્તિ પ્રયત્નોને મદદનો હાથ આપશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.31 ટકા, કેક 0.82 ટકા અને ડેક્સ 0.64 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં 0.37 ટકા, તાઈવાન 0.81 ટકા, કોસ્પી 0.10 ટકા, જકાર્તા 0.66 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.20 ટકા, હેંગસેંગ 0.04 ટકા, સ્ટ્રેઈટસ 0.31 ટકા ઘટયા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1005.84 | 80218.37 |
| નિફ્ટી | 289.15 | 24328.50 |
| બેન્ક નિફ્ટી | 768.75 | 55432.80 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 5.26 | 1368.80 |
| સન ફાર્મા | 3.03 | 1841.60 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.53 | 1054.40 |
| બીઇએલ | 2.50 | 305.05 |
| એસબીઆઇ લાઇફ | 2.42 | 1736.10 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇ. | 5.07 | 622.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.01 | 12114.00 |
| ઇર્ટનલ | 0.58 | 2318.60 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ | 5.27 | 1368.50 |
| સન ફાર્મા | 3.08 | 1841.80 |
| ટાટા સ્ટીલ | 2.42 | 142.05 |
| એસબીઆઇ | 2.36 | 817.60 |
| એક્સીસ બેન્ક | 2.35 | 1192.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 1.89 | 1549.40 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.05 | 12108.25 |
| એચયુએલ | 0.52 | 2319.45 |
| ઇર્ટનલ | 0.48 | 227.25 |
| નેસલે ઇન્ડિયા | 0.42 | 2404.15 |

## ભારતીય એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સની નિકાસ 2024-25માં 116.7 અબજ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચશે

**નાણાકીય** વર્ષ 2023-24માં એન્જિનિયરિંગ ઉત્પાદનોની કુલ નિકાસ 109.30 અબજ ડોલર હતી, જે નાણાકીય વર્ષ 2021-22માં 112.10 અબજ ડોલર હતી

નવી દિલ્હી, તા. 28: નાણાકીય વર્ષ 2024-25માં ભારતની એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સની નિકાસે નવો રેકોર્ડ બનાવ્યો છે. એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, એન્જિનિયરિંગ નિકાસ 6.74 ટકા વધીને 116.67 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે. અગાઉ, નાણાકીય વર્ષ 2023-24માં એન્જિનિયરિંગ ઉત્પાદનોની કુલ નિકાસ 109.30 અબજ ડોલર હતી, જે નાણાકીય વર્ષ 2021-22માં 112.10 અબજ ડોલર હતી.

નાણાકીય વર્ષ 2024.25માં ભારતીય એન્જિનિયરિંગ નિકાસ માટે અમેરિકા સૌથી મોટું સ્થળ હતું. અમેરિકામાં એન્જિનિયરિંગ ગુડ્સની નિકાસ 8.7 ટકા વધીને 19.15 અબજ ડોલર થઈ છે જે અગાઉના વર્ષે 17.62 અબજ ડોલર હતી. આ ઉપરાંત યુએઈ, સિંગાપોર, નેપાળ, જાપાન અને ફ્રાન્સ જેવા દેશોમાં પણ નિકાસમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

ભારતની કુલ મર્ચેન્ડાઈઝ નિકાસમાં એન્જિનિયરિંગ નિકાસનો હિસ્સો પણ વધ્યો છે. આ હિસ્સો 2023-24માં 25.01 ટકાથી વધીને 2024-25માં 26.67 ટકા થયો છે. ઇઇપીસી ઇન્ડિયાના ચેરમેન પંકજ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે 2024-25માં ભારતીય એન્જિનિયરિંગ ગુડ્સની નિકાસ મજબૂત રહી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત સહિત અનેક વેપારી ભાગીદાર દેશો પર આયાત ડ્યૂટી વધારવાના નિર્ણય છતાં ભારતે વધુ સારું પ્રદર્શન કર્યું છે.

એન્જિનિયરિંગ સેક્ટરમાં વિવિધ પેનલોની કામગીરી પણ સકારાત્મક રહી હતી. એપ્રિલ 2024થી માર્ચ 2025 દરમિયાન, 34માંથી 28 એન્જિનિયરિંગ પેનલમાં સકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે. જોકે, લોખંડ અને સ્ટીલ, કોપર અને એલ્યુમિનિયમ ઉત્પાદનો, ઓફિસ ઉપકરણો, અન્ય બાંધકામ મશીનરી અને અબરખ ઉત્પાદનો જેવી છ પેનલમાં ઘટાડો નોંધાયો હતો.

### મારુતિના ચેરમેન આરસી ભાર્ગવે નાણાકીય વર્ષ 2026ને લઇને ચિંતા વ્યક્ત કરી

## કારની વધતી કિંમતોને કારણે ઓછી આવક ધરાવતા લોકો બજારમાંથી બહાર નીકળી ગયા છે: ભાર્ગવ

**એન્ટ્રી** લેવલની નાની અને સસ્તી કારના વેચાણમાં 10 ટકાનો ઘટાડો નોંધાયો

મુંબઈ, તા. 28: દેશની દિગ્ગજ ઓટો કંપનીઓએ અત્યાર સુધી માત્ર મારૂતિ સુઝુકીએ જ પરિણામ જાહેર કર્યા છે, પણ મેનેજમેન્ટની કોમેન્ટ્રીએ રોકાણકારોને નિરાશ કર્યા છે. કંપનીએ સ્પષ્ટ કર્યુ કે, આગળનો રસ્તો સરળ નથી. આજના કારોબારમાં મારૂતિ નીચામાં રૂ. 11332.50નો ભાવ બોલાયો હતો, જ્યારે ઉંચામાં 11898.35નો ભાવ બોલાયો હતો.

આ સંદર્ભમાં સિયામનું કહેવું છે કે, નાણાકીય વર્ષ 2026માં ઘરેલું વૃદ્ધિ 1થી 12 ટકા પર શક્ય છે, જે નાણાકીય વર્ષ 2025માં 3થી 4 ટકા હતી. નિકાસમાં વધારો થવાથી ગ્રોથને વેગ મળી શકે છે. નાણકીય વર્ષ 2026માં નિકાસ વૃદ્ધિ 20 ટકાના દરે શક્ય છે. જે નાણાકીય વર્ષ 2025માં 18 ટકાની તુલનામાં છે. મારૂતિની એન્ટ્રી લેવલની કારનું વેચાણ માથાનો દુખાવો રહે છે. 5 વર્ષથી વધુ સમયથી તેનું વેચાણ ઘટી રહ્યું છે. 2018-18ની સરખામણીએ એન્ટ્રી લેવલ સેગમેન્ટમાં વેચાણ 10 ટકા ઘટ્યું છે. દેશમાં 20થી 30 કરોડ પરિવારો એવા છે જેમની આવક 5 લાખથી ઓછી છે, પછીના 30 ટકા ઘરો 5થી 12 લાખ રૂપિયાની કમણી કરે છે. માત્ર 12 ટકા ઘરોમાં જ 12 લાખ રૂપિયાથી વધુની આવક છે.

## જો ચીન અર્થ મિનરલ્સનો પુરવઠો બંધ કરશે, તો ઈવી ઉદ્યોગ બરબાદ થઈ જશે: રાજીવ બજાજ

**ઇવી** ટુ વ્હીલરને પ્રોત્સાહન આપતી નીતિ અપનાવવામાં આવે તો બજાજ ઓટોને તેનો ફાયદો થશે: રાજીવ બજાજ

મુંબઈ, તા. 28: બજાજ ઓટો હંમેશા સમયની સાથે પોતાને બદલતી રહી છે. આજ કારણ છે કે કંપની દરેક પડકારનો સામનો કરવામાં સફળ રહી છે. આ દાવો બજાજ ઓટોના એમડી રાજીવ બજાજે કર્યો છે. તેમણે કહ્યું છે કે, અમેરિકાના પારસ્પરિક ટેરિફ, ટુ વ્હીલ માર્કેટમાં સ્પર્ધા વધારવા સહિત અનેક મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી. યુએસના પારસ્પરિક ટેરિફની બજાજ ઓટની નિકાસ પર બહુ અસર નહીં પડે, કારણ કે કંપની તેની મોટાભાગની નિકાસ દક્ષિણના દેશોમાં નિકાસ કરે છે. પરંતુ જો ચીન રેર અર્થ મેગ્નેટની નિકાસ બંધ કરશે તો તેની મોટી અસર બજાજ ઓટો તેમજ ભારતમાં ઝડપતી વિકસી રહેલા ઈલેક્ટ્રિક વ્હીકલ ઉદ્યોગ પર પડશે. વિશ્વમાં દુર્લભ પૃથ્વી ચુંબકના પુરવઠામાં ચીનનો હિસ્સો 60 ટકાથી વધુ છે. બજાજ ઓટોના કુલ ઉત્પાદનમાં ઈલેકટ્રિક વાહનોનો હિસ્સો આશરે 10 ટકા છું. પરંતુ અમારૂં ચેતક સ્કુટર 100 ટકા ઈલે. વાહન છે.

જો ચીન અર્થ મેગ્નેટ સપ્લાય નહીં કરે તો ચેતકના તમામ ડીલરોએ પોતાના શોરૂમ બંધ કરવા પડશે. બજાજ ઓટોના થ્રી વ્હીલર ઉત્પાદનમાં ઈવીનો હિસ્સો લગભગ 20 ટકા છે. તેમણે કહ્યું કે ચીન છેલ્લા ઉપાય તરીકે પુરવઠો સંપુર્ણપણે બંધ કરવાનો નિર્ણય લેશે.. પરંતુ જો આવું થાય છે તો આખી દુનિયા પર તેની ખૂબ જ ખરાબ અસર પડશે.

તેમણે કહ્યું કે ટ્રેડ વોરના કારણે સ્ટીલને વધારે કિંમત ચુકવવી પડે છે, કારણ કે સરકારે એન્ટી ડમ્પિંગ ડયુટી લગાવી છે. ઉપરાંત, બજારમાં નિકાસને મોટો ફટકો પડવાની ધારણા છે, જે ટ્રાયમ્ફ મોટર સાયકલોનું સૌથી મોટું બજાર છે. તેમણે કહ્યું કે, ટુ વ્હીલર ઉદ્યોગ ઘણી મુશ્કેલી પછી પુર્વ કોવિડ સ્તરે પાછો ફર્યો છે. જોકે, તે હજુય પણ સારી સ્થિતિમાં નથી. તે શહેરોમાં વપરાશમાં આવેલી મંદીનો ઉલ્લેખ કરી રહ્યો હોત.

### અદાણી ટોટલ ગેસ: છેલ્લા ક્વાર્ટરમાં વોલ્યુમ 13% વધ્યું

સુરત : અદાણી ટોટલ ગેસ (એટીજીએલ)એ 31 માર્ચ 2025 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને વર્ષ માટેના પરિણામો આજે જાહેર કર્યા છે. કંપનીના એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર અને સીa.ઈ.ઓ. સુરેશ પી. મંગલાણીએ જણાવ્યું હતું કે મહત્તમ નાગરિકો સુધી પી.એન.જી. અને સી.એન.જી.ની પહોંચ વધારવા માટે કંપનીએ વર્ષ દરમિયાન કરેલા અથાક પ્રયાસોના કારણે અદાણી ટોટાલ ગેસએ હવે 1 મિલિયન પી.એન.જી. ગ્રાહકો અને 647 સીએનજી સ્ટેશનોની નજીક સીજીડીમાં તેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તાર્યું છે. એટીજીએલએ વાર્ષિક ધોરણે વોલ્યુમમાં 15%ના વધારા સાથે મજબૂત કામકાજ અને આંતરમાળખાના વિકાસની ગતિ જાળવી રાખી છે, ઘરેલું ગેસ ફાળવણી પર સીજીડી ક્ષેત્ર દ્વારા પડકારોનો સામનો કરવો પડ્યો હોવા છતાં ડિજિટલાઈઝેશન દ્વારા સમર્થિત ઓપરેશન્સ એક્સેલન્સએ રુ.1,167 કરોડનો એબિટ્ટા જાળવવામાં ફાળો આપ્યો છે. નાણાકીય વર્ષ-૨૫ના છેલ્લા ક્વાર્ટર દરમિયાન ૩૪ ભાગોલિક ક્ષેત્રોમાં 647 CNG સ્ટેશનનું નેટવર્ક સ્થાપવામાં આવ્યું છે અને ૯.૬૦ લાખથી વધુ ઘરોને પી.એન.જી.ગેસના જોડાણથી આવરી લેવામાં આવ્યા છે. વાર્ષિક ધોરણે CNG વોલ્યુમમાં 18%નો વધારો થયો છે.

### અગ્રણી બ્રોકરેજીસે એથર એનર્જીનો આઈપીઓ સબ્સ્ક્રાઇબ કરવાની ભલામણ કરી

અગ્રણી બ્રોકરેજીસ પૈકીના કેટલાકની આઈપીઓ નોટ્સમાં એથર એનર્જીના રૂ. 2,980 કરોડના આઈપીઓ માટે સબ્સ્ક્રાઇબ કરવાની ભલામણ કરવામાં આવી છે. વેન્ચુરા સિક્યોરિટીઝ, અરિહંત કેપિટલે લિસ્ટિંગ સમયે લાભ માટે સબ્સ્ક્રાઇબનું રેટિંગ આપ્યું જ્યારે બજાજ બ્રોકિંગ, સુશીલ ફાઇનાન્સે લાંબા ગાળા માટે સબ્સ્ક્રાઇબનું રેટિંગ આપ્યું, નુવામા ઇન્સ્ટિટ્યૂશનલ ઇક્વિટીઝે તેની મુલાકાતની નોંધમાં જણાવ્યું કે એથર એનર્જી મોટાપાયે ઇવી ટ્રેન્ડની મુખ્ય લાભાર્થી રહેશે.

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૫૧૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૪૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૩૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૪૦૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૮૩૦૦ |
| તેજાબી સોનું | ૯૮૨૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૩૪૦૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૯૬૩૪૫ |
| સોનાનાં બિસ્કીટ | ૯૮૩૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૯૩૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૦૮૦૦ |

### આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્ટાર્ટઅપ્સ પર ભાર મૂક્યો

## હવે, યુવાનો એમએનસીમાં કામ કરવાને બદલે ઉદ્યોગસાહસિક બનવાનું પસંદ કરે છે

**ગ્લોબલ** ઇનોવેશન ઇન્ડેક્સમાં પણ ભારતે પોતાની સ્થિતિ સુધારી છે, તે 2015માં 81માં સ્થાનેથી 2024માં 39માં સ્થાને પહોંચી ગયો

નવી દિલ્હી, તા. 28: આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્ટાર્ટઅપ્સ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, છેલ્લાં થોડાં વર્ષોમાં ભારતની યુવા પેઢીની માનસિકતામાં પરિવર્તન આવ્યું છે. હવે યંગસ્ટર્સ મલ્ટિનેશનલ કંપનીઓમાં નોકરી શોધવાને બદલે ઉદ્યોગસાહસિકો બનવાનું પસંદ કરી રહ્યા છે. સંજય મલ્હોત્રાએ વોશિંગ્ટન ડીસીમાં સીઆઈઆઈ અને યુએસઆઈએસપીએફ દ્વારા આયોજિત યુએસ-ઈન્ડિયા ઈકોનોમિક ફોરમમાં પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, જ્યારે મેં કોલેજ છોડી હતી, ત્યારે એમએનસી મારો પસંદગીનો વિકલ્પ હતો. કોઈએ પોતાનું સાહસ શરૂ કરવાનું વિચાર્યું નહીં. તાજેતરના વર્ષોમાં મોટી સંખ્યામાં એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ સ્નાતકો ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ્સ તરફ વળી રહ્યા છે. તેમણે કહ્યું કે ઉદ્યોગસાહસિકતાની આ વધતી સંસ્કૃતિએ ભારતને મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઊભી કરવામાં મદદ કરી છે. દેશમાં આશરે દોઢ લાખ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ છે, જેને સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને અટલ ઈનોવેશન મિશન જેવી સરકારી પહેલોનો ટેકો છે.

આરબીઆઈના ગવર્નરે જણાવ્યું હતું કે ભારત પાસે હવે વિશ્વમાં ત્રીજા ક્રમની સૌથી મોટી સંખ્યામાં યુનિકોર્ન છે, જેમાંથી ઘણા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ફિનટેક અને પુન:પ્રાપ્ય ઊર્જા જેવા ઉચ્ચ તકનીકી ક્ષેત્રોમાંથી ઉભરી રહ્યા છે. ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં પણ ભારતે પોતાની સ્થિતિ સુધારી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૭૫/૩૬ ’’ | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૩૬ ’’ | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ ’’ | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया

રીઝનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧. • ફોન : ૦૨૬૧-૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

**ઈ-હરાજી થી વેચાણ નોટીસ**

જાહેર જનતાને આથી સૂચના આપવામાં આવે છે કે શ્રી પરેશભાઈ હસમુખભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ છોટુભાઈ પટેલ અને શ્રીમતી વર્ષાબેન પરેશભાઈ પટેલની દાવેદાર ન હોય તેવી જંગમ મિલકતો/વસ્તુઓ, જે દુકાન / ઓફિસ નં. ૧૦૧ અને ૧૦૨ ખાતે આવેલી જગ્યામાં પડેતી હતી, જેનો આશરે ક્ષેત્રફળ ૭૩૫.૩૨ સ્કે. મીટર કારપેટ એરીયા, પેહલો માળ, "દીપ કમલ કોર્મશીયલ હબ", બાંધકામ વાળી બિલ્ડીંગ, જે જમીનનો સબ પ્લોટ નં. ૧, જમીનનો રેવન્યુ સર્વે નં. ૪૪ યાને કે બ્લોક નં. ૭૨, ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા), અસલ પ્લોટ નં. ૩૪/૧, ૩૪/૨, એફ.પી. નં. ૩૪/૧, ૩૪/૨, ૩૪/૩ પૈકી, એફ.પી. નં. ૩૪/૧, સબ પ્લોટ નં. ૧, ગામ-નાના વરાછા, સબ જિ. સુરત સિટી, જિ. સુરત અને બાદમાં પ્લોટ નં. ૫૬, પૈકી પ્લોટ નં. એ, મોજે-ઉમરા, મે. સતાની ઈન્ડસ્ટ્રીઝ, સુખરામ ઈન્ડસ્ટ્રીઝની સામે, ઉમરા-વેલંજા રોડ, ઉમરા, સુરત સ્થિત પરિસરમાં દૂર/સ્થાળાંતરિત કરવામાં આવ્યો. જે શ્રી પરેશભાઈ હસમુખભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ છોટુભાઈ પટેલ અને શ્રીમતી વર્ષાબેન દ્વારા જણાવવામાં આવેલ છે. બેંક તરફથી વિવિધ સૂચનાઓ છતાં પરેશભાઈ પટેલ ઉપરોક્ત વસ્તુઓ દૂર કરવામાં નિષ્ફળ ગયા. ત્યારબાદ, ૧૬.૧૨.૨૦૨૪, ૨૪.૧૨.૨૦૨૪, ૦૬.૦૧.૨૦૨૪, ૨૩.૦૧.૨૦૨૫, ૨૯.૦૧.૨૦૨૫ અને ૧૪.૦૨.૨૦૨૫ના રોજ શ્રી પરેશભાઈ હસમુખભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ છોટુભાઈ પટેલ અને શ્રીમતી વર્ષાબેન પરેશભાઈ પટેલને ઉપરોક્ત જંગમ સંપત્તિ/લેખોનો કબજો લેવા માટે ફરીથી નોટિસ આપવામાં આવી હતી, પરંતુ શ્રી પરેશભાઈ હસમુખભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ છોટુભાઈ પટેલ અને શ્રીમતી વર્ષાબેન પરેશભાઈ પટેલ અને અથવા તેમના પ્રતિનિધિઓ ઉપરોક્ત જંગમ સંપત્તિ/લેખોનો કબજો મેળવવા માટે આગળ આવ્યા ન હતા.

બેંકમાં ઉપરોકત જંગમ સંપતિઓ/વસ્તુઓનું વેચાણ કરવા માટે છે, જેનું વિગતવાર વર્ણન નીચે મુજબ જણાવેલ છે. "જેમ છે જ્યાં છે" અને જેમ છે જે છે અને જેમ છે ત્યાં છે ના ધોરણે જાહેર હરાજી થી તારીખ ૧૬.૦૫.૨૦૨૫ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી. (તારીખ /સમય) અને સેવા પ્રદાન સી ૧ ઈન્ડિયાની પ્લેટફોર્મ (www.bankeauctions.com) દ્વારા વેબસાઈટ: https:// www.bankeauctions.com દ્વારા ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે.

| | |
|---|---|
| હરાજીની તારીખ અને સમય | : ૧૬.૦૫.૨૦૨૫ શુક્રવાર ને સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ કલાકે |
| ઈએમડી જમા કરવાની છેલ્લી તારીખ | : ૧૫.૦૫.૨૦૨૫ ને ગુરૂવાર, સાંજે ૪.૦૦ કલાકે |
| નિરીક્ષણની તારીખ અને સમય | : ૧૨.૦૫.૨૦૨૫ (તારીખ), સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ કલાકે<br>સંપર્ક વ્યક્તિ : શ્રી નીરજ પ્રકાશ - મો. : ૮૯૦૫૬૭૦૧૯૮ |

| અ. નં. | સંપતિ/લેખાની વિગત | અનામત કિંમત રૂા. | અર્નેસ્ટ મની ડિપોઝીટ (રૂા.) |
|---|---|---|---|
| એ | ડાઈનિંગ ખુર્શીઓ - સીટ કુશન સાથે લાકડાના (૬૯ નંગ) | રૂા. ૩,૪૭,૦૦૦/- | રૂા. ૩૪,૭૦૦/- |
| બી | ડાઈનિંગ ટેબલ - લાકડના ટોપ સ્ટીલ લેગ્સ (૧૦ નંગ) | | |
| સી | સોફા - ફેબ્રિક (૨૧ નંગર) | | |
| ડી | રિસેપ્શન ટેબલ - લાકડાના (૧ નંગ) | | |
| ઈ | લાકડના કેબિનેટ - ચેસ્ટ ડ્રોઅર - ૭ ફુટની લંબાઈ (૧ નંગ) | | |
| એફ | કેસેટ એસી - ડાઈકિન બ્રાન્ડ (૬ નંગ) | | |
| જી | આઈસ્ક્રીમ ફીઝર - ૩ ચેમ્બર (૧ નંગ) | | |
| એચ | ગ્લાસ ઝુમ્મર (૧ નંગ) | | |
| આઈ | કોર્મશિયલ ગેસ સ્ટોવ - ૦૩ બર્નર (૧ નંગ) | | |
| જે | સ્પ્લીટ એસી - ૦ જનરલ (૧ નંગ) | | |
| કે | અન્ય વિવિધ વસ્તુઓ જેમ કે કેસેટ એર કન્ડીશનિંગ યુનિટ, ડિસ્ક રેક | | |

- અનામત કિંમતના ૧૦% ઓફ અર્નેસ્ટ મની ડિપોઝીટ આરટીજીએસ/એનઈએફટી/ફંડ ટ્રાન્સફર દ્વારા ૧૬.૦૫.૨૦૨૫ પહેલા નીચે જણાવેલ ખાતા નંબરમાં જમા કરવાના રહેશે.

| Name of Branch | A/c No. | A/c Name | IFSC Code |
|---|---|---|---|
| MCFB Surat | 3195466997 | CD BILL PAY AC | CBIN0284122 |

- આ હરાજી ઓન લાઈન વેબ પોર્ટલ https://www.bankeauctions.com અને કોઈ પણ જાતની મુશકેલી માટે યુઝર આઈડી / પાસવર્ડ / બેંકના મંજૂર થયેલ સર્વિસ પ્રોવાઈડરે મે. સી૧ ઈન્ડિયા પ્રા. લિ., ૪૦૩, જીએનએફસી ટાવર, ચોથો માળ, ગ્રાન્ડ ભગવતી પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે રોડ, અમદાવાદ-૩૮૦૦૫૪. શ્રી હરેશ ગોવડા - (મો) : ૦૯૫૯૪૫૯૭૫૫૫, શ્રી ભાવિક પંડયા- (મો) : ૦૮૮૬૬૬૮૨૯૩૭ અને ગુલ્ફ પેટ્રો કેમ બિલ્ડીંગ, બિલ્ડીંગ નં. ૩૦૧, પહેલો માળ, ઉધોગ વિહાર, ફેઝ-૨, ગુડગાંવ. હેલ્પલાઈન ન. +૯૧-૧૨૪૪૩૦૨૦૨૦/૨૧/૨૨/૨૩/૨૪, હેલ્પલાઈન ઈમેલ આઈડી : support@bankeauctions.com નો સંપર્ક કરી શકશો.
- હરાજીના અંતે વેચાણ મંજૂર થતા સફળ બોલીકારે / ખરીદનારે બોલીની રકમના ૨૫% (પહેલા થી ચુકવેલ ઈએમડી રકમ સમાયોજીત )રકમ તાત્કાલિક જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ વેચાણ સંપન્ના થયાની તારીખથી ૭ દિવસમાં જમા કરવાની રહેશે, જેમાં નિષ્ફળ નિવડયેથી પ્રસ્તાવકારોએ અગાઉ રકમ જમા કરાવેલી અનામત રકમ જપ્ત કરવામાં આવશે અને આ માટે કોઈપણ જાણ કરાશે નહી અને વેચાણ રદ થઈ જશે.
- શાખા પ્રબંધકને મળેલી કોઈપણ / બધી જ દરખાસ્તો કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે.
- મિલકતો પરના તમામ કોઈણ પણ વ્યક્તિના કારણે તમામ વૈધાનિક લેણાં, કર દર, આકારણી ચાર્જ ફી વિગેરે બોલીકર્તાએ ભોગવવાના રહેશે.
- વધુ જાણકારી માટે – સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, એમ.સી.એફ.બી., સુરત, શ્રી નીરજ પ્રકાશ - ચીફ મેનેજર (મો) : ૮૯૦૫૬૭૦૧૯૮ અને રીજીનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮ નો સંપર્ક કરી શકશો.

સહી/-
અધિકૃત અધિકારી
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

તારીખ : ૨૮.૦૪.૨૦૨૫
સ્થળ : સુરત
(અસલ અંગ્રેજી થી અનુવાદ)

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા, 9328436184

**રેમન્ડ મેરેજશુટ**
માત્ર રૂ 4600/- કાપડ સિલાઈ સાથે. આલીશાન, હરિપુરા, ભવાનીવડ, સુરત.

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા TV LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**વોટર પ્રુફિંગ**
૧૦૧% ગેરંટી સાથે ટેરેસ બેઝમેન્ટ વોટર ટેન્ક, સ્વિમિંગ પુલ, ક્રેક ફિલિંગ વોટર પ્રુફિંગ પ્લાસ્ટર સ્ટેકચર રીપેરીંગ તથા આર. સી. સી. ના તમામ કામ માટે મળો વલીભાઈ રાજસ્થાની ૯૯૧૩૩૩૯૦૯૦

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**રોહાઉસ- બંગલોના**
કન્સ્ટ્રક્શન અથવા ઈન્ટિરીયરનાં સંપૂર્ણ કામ માટે. 8128054334 (103)

**વર્ષાંત્રતું ધમાકા**
ઓફર તાડપત્રી, બેનર, પ્લાસ્ટીક રોલ અને તાકા. દરેક પ્રકારની ખરીદી સીધા ફેક્ટરી ભાવે અને સારી કમાણી કરો. 9898063315

મિલ્કત વેચવાની છે

**ફુલ્લી ફર્નિશડ ફ્લેટ**
વેસુ 2 BHK Sale સોમેશ્વર જંકશન ચાર રસ્તા ઉપર દલાલ માફ ફોન 7284004318 (85)

**અડાજણમા રોહાઉસ**
ખુબજ સુંદર વ્યાજબી ભાવે તાત્કાલિક વેચવાનું છે. ભગતજી - 9374535403 (102)

**વેચવાનું છે**
કઠોર ગામમાં સીડી ઓવારા/ સીદાત ફળિયામાં મુસ્લીમ એરિયામાં જગ્યા વેચવાની છે. આશરે ૨૧૦૦- સ્કે . ફીટ કોર્નર પ્લોટ બંગલા- એપાટમેન્ટ લાયક. મો. ૯૮૭૯૧૯૯૭૨૦

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર) 942113317**
સોમનાથ, દ્વારકા, ચોટીલા, (દિવસ- 3) શનિ, રવિ, સેલવાસ, દમણ, ખાનવેલ

**રોશની શિવ ટ્રાવેર્લ્સ**
રૂસ્તપુરા, સુરત.- 9427478966, તારીખ- 19/5. સ્પે. નેપાળ, અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ, AC બસ, દિવસ- 15.

સુપ્રસિદ્ધ ઘડીયાળના શોરૂમ માટે "જોઈએ છે."
હાઉસ કીપીંગ તરીકેની ફરજ બજાવવા માટે પટાવાળાની જરૂર છે. તાત્કાલીક સંપર્ક કરો.
8488977214

**હિમાલયા હોલીડે**
અમરનાથ યાત્રા 2 જુલાઈ 8999/= અમરનાથ સાથે કાશ્મીર સીમલા, મનાલી, દાર્જીલિંગ કાશ્મીર પેકેજ માટે મળો mo 9825142005/ 9427803273

**તારીખ- ૪ રવિવારે**
દમણ, બે ટાઈમ નોનવેજ, AC બસ, 1000/-, વાડીફળીયા : 9484448329

મિલ્કત ભાડે -વેચાણ

**મોરા- હજીરામાં**
સુપરવાઈઝર/ લેબર માટે મકાન વેચાણ/ ભાડેથી આપવાનું છે 8128054334 (104)

મિલ્કત ભાડેથી

**હોજીવાલામાં પ્લોટ**
લેવા/ વેચવા તથા ભાડેથી આપવાનાં છે, (સિદ્ધાર્થ શાહ):- 9998227450, (સતીશ શાહ):- 9825127450, 9898027450

**રાધેમાર્કેટમાં સ્ટેશનરી**
ઝેરોક્ષ મોબાઈલ રીપેરીંગ, કુરીયર, ઈલેક્ટ્રિક શોપ ભાડું - 5000, ખાવા પીવાની દુકાન ભાડે આપવાની ભાડું -2000, મળો, L- 2, રાધેમાર્કેટ. 9825121705 (101)

નોકરી વિષયક

**મસાલા પેકીંગ માટે**
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) MO. 9265470310

**પાર્ટ/ફુલ ટાઈમ**
ઘર બેઠા ફોન પર (ટેલી કોલિંગ નું) કામ કરીને પૈસા કમાવો (કમિશન પર) ફક્ત દીકરી - બહેનો સંપર્ક કરે 7202025165

**ટેક્સટાઈલ ડિઝાઈનર**
કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે, આનંદમહલ પ્રાઈમ આર્કેટ, 9712760219

**એકાઉન્ટન્ટ જોઈએ છે**
એકાઉન્ટ્સના કામ માટે અનુભવી/ ફ્રેશ- વ્યક્તિ, લેડીસ/ જેન્ટસ રૂબરૂ મળો બાયોડેટા સાથે 4- ડી ચોથા માળે, જલદર્શન એપાર્ટમેન્ટ (અંદરનું બિલ્ડીંગ) બહુમાળીની બાજુમાં નાવડી ઓવારાની સામે, નાનપૂરા, સુરત. interview time: 12 to 6 (99)

**જોઈએ છે**
(1) પાર્ટ ટાઈમ એકાઉન્ટન્ટ (2) ડ્રાઈવર ફુલ ટાઈમ કોન્ટેક્ટ- 9909911395 મળવાનો સમય સવારે 10 થી 12 L- 13 હીરાપન્ના કોમ્પ્લેક્ષ મહેશ્વરી ભવન પાસે, સિટીલાઈટ રોડ (100)

**ઘરકામ માટે બહેન**
જોઈએ છે સવારે સમય ૯ થી ૫, પાલનપુર કેનાલ રોડ સુરત. Mo:- 9265392343

**પ્રિન્ટીંગ મશીન માટે**
માણસ જોઈએ છે. M. no:- 9925848149

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.